# રાજ્ય સરકારના પૂર્વ મંત્રી સહીત ભાજપના કાર્યકતાઓએ ટ્રાફિક નિયમના ઉડાવ્યા ધજીયા

## હેલ્મેટ વગર બાઈક રેલી નીકળતા ધાનેરામાં અનેક તર્ક વિતર્ક

ધાનેરામાં ભાજપ ધ્વરા વિશાલ બાઈક રેલીનું આયોજન આજે ધાનેરામાં વિશાલ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું પણ લોકોની સાથે બાઈક ચલાવ્યું હતું જેમાં ગુજરાત સરકારના પૂર્વ



કરવામાં આવ્યું હતું જેમાં ભાજપના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા અને પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી અને માવજીભાઈ દેસાઈની આગેવાનીમાં આ બાઈક રેલી યોજાઈ હતી પરંતુ આ બાઈક રેલીમાં ટ્રાફિક નિયમના ધજીયા ઉડતા જોવા મળ્યા હતા. શું છે સમગ્ર મામલો જોઈએ આ અહેવાલમાં.



ભાજપના અગ્રણીઓ ધ્વરા હતુંઆ બાઈક રેલી ધાનેરા લાલચોક ખાતેથી શરૂ થઈ હતી અને ધાનેરાના વિવિધ ગામોમાં જવા માટે રવાના થઈ હતી આ બાઈક રેલીને રાજયના પૂર્વ મત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રસ્થાન કરાવ્યું હતું અને શંકરભાઈ ચૌધરી મંત્રી શંકરભાઈ ચૌધરી અને ભાજપના કાર્યકર્તાઓ ધ્વરા પોલીસની હાજરીમા જ હેલ્મેટ વગર બાઈક ચલાવી ટ્રાફિક નિયમના ધજીયા ઉડાવ્યા હતા સામાન્ય વ્યકિત જયારે બાઈક લઈને જતો હોય છે અને તેની પાસે હેલ્મેટ નથી હોતું તો પોલીસ તેને દંડ ફટકારતી હોય છે પણ રાજકીય આગેવાનો સામે પોલીસને પણ બધું મૂંગા મોઢે સહન કરવું પડે છે.

# પ્રાંતિજ તાલુકા વીસીઈઓ દ્વારા ત્રણ જગ્યાએ આવેદનપત્ર અપાયું

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકામાં વીસીઈઓ તરીકે કામગીરી કરતાં વીસીઈઓ દ્વારા તેમણી વિવિધ



માંગણી ઓને લઈને પ્રાન્ત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત ખાતે આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ તાલુકામાં આવેલ ગ્રામ પંચાયત કચેરીએ ઈ.ગ્રામ સેન્ટરોમાં વીસીઈ તરીકે છેલ્લાં ૧૨ વર્ષથી ફરજ બજાવતા ૫૪ વીસીઈઓ દ્વારા હાલ તાલુકામાં કમીશન પર કામગીરી આપી રહ્યાં છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવે છે જ્યારે હાલ ઓનલાઈન થતાં જે તે વ્યક્તિ ગમે તે જગ્યાએથી ઉતારા સહિત કઢાવી લે છે અને મહિનાનું ફિક્સ કામ કે પગાર જેવું હોતું નથી જેથી મહિનાનું ૨૦૦થી ૩૦૦ રૂપિયા સુધીનું કામ થાય છે જેથી સરકાર દ્વારા ફિકસ પગાર તથા કાયમીનો લાભ તથા ઈ-ગ્રામ સેન્ટરમાં પડતી મુશ્કેલીઓ સહિતની વિવિધ માંગણીઓ સહિત સરકાર દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી માંગણી સાથે તાલુકાના તમામે તમામ વીસીઈઓ દ્વારા પહેલી તારીખથી તારીખ પાંચ માર્ચ સુધી કામથી અળગા રહ્યાં છે અને તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણી, તાલુકા પંચાયત ખાતે જઈને અશ્વિનભાઈ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### મુખ્યમંત્રીની તબિયત લથડતા ગૃહમંત્રીના વરદ હસ્તે

# અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી સહિતના વિવિધ ૪૯ કરોડના કામોનું લોકાર્પણ

અરવલ્લી જિલ્લામાં આજરોજ મોડાસા ખાતે રાજયના ગૃહમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલા લોકાર્પણ કાર્યક્રમમાં રૂ. ૪૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ વિવિધ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સીએમ વિજયભાઈ રૂપાણીની તબિયત લથડતા

આ ઉપરાંત જિલ્લામાં ૪૯ કરોડના ખર્ચે વિવિધ કચેરીઓના મકાનો સહિતના કામોનું લોકાર્પણ રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કર્યું હતું. જેમાં મોડાસામાં જિલ્લા સેવાસદન સંકુલમાં જ રૂ.૧૭.૫૦ કરોડના ખર્ચે નિર્મિત જિલ્લા અધિક્ષક કચેરીના ભવન ઉપરાંત શામળાજી

સમારોહમાં વિવિધ બિલ્ડીંગોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત સાબરકાંઠામાં ૪૮ લાખના ખર્ચે તૈયાર થયેલ મહિલા પોલીસ મથક, ૪૯ લાખના ખર્ચે તૈયાર થયેલ નાયબ પોલીસ અધિક્ષક કચેરી, હિંમતનગર, ૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પાલઆઉટ




ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાના વરદ હસ્તે આ સમારોહમાં વિવિધ કામોનું લોકાર્પણના થયું હતું.

મોડાસામાં સરકારી ઈજનેરી કોલેજ ખાતે યોજાયેલ સમારોહના પ્રારંભે જિલ્લા કલેકટર એમ. નાગરાજને મહેમાનોનું સ્વાગત કર્યું હતુંઅને જિલ્લામાં પૂર્ણ થયેલ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીના ભવન સહિતના વિવિધ કામો અને હાથ ધરાયેલ કામો અંગે વિસ્તૃત વિગતો આપી હતી. ઘેર બેઠા રાંધણગેસ મળી રહે તે માટે જિલ્લા કલેકટરે ભારે જહેમત લઈને હિંમતનગરથી મોડાસા સુધીની પાઈપ લાઈનનું યુદ્ધના ધોરણે કામ પૂરું કરાવતા તેનું પણ આજરોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે ઘણું જ આવકારદાયક પગલું ગણાવાઈ રહ્યું છે.

ખાતે આદીજાતિ વિભાગ દ્વારા રૂ.૨૨.૯૪ કરોડના ખર્ચે બનેલ અદ્યતન એકલવ્ય મોડેલ રેસી. સ્કૂલનું લોકાર્પણ, આદિજાતિ વિસ્તારના લોકોના પ્રશ્નોના ઝડપી નિકાલ માટે જિલ્લા કક્ષાની પ્રાયોજન વહીવટદાર, અરવલ્લીની શામળાજી નજીક શામળપુર ખાતે રૂ. ૬.૭૩ કરોડના ખર્ચે તૈયાર કચેરીનું લોકાર્પણ અને મોડાસામાં રૂ.૨.૧૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ તાલુકા પંચાયત કચેરીના નવીન મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમની નાતંદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત રહી શક્યા ન હતા. જેથી રાજયના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પોસ્ટ પો.મથક (ચિઠોડા પો.મથક)નું ડીઝીટલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જિલ્લાના વહીવટીતંત્રના ડીડીઓ સહિતના અધિકારીઓ, સાંસદ દિપસિંહ, પ્રદેશમંત્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રભારી હાર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ, મહામંત્રી શામળભાઈ પટેલ, જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, જિલ્લા જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન, મોડાસા અને ભિલોડાના ધારાસભ્યો રાજેન્દ્રસિંહ, ડૉ. જોશીયારા, પાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લાના કાર્યકર્તાઓ અને નાગરિકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્માની આરડેકતા સાયન્સ કૉલેજના ત્રીજા સેમેસ્ટરનુ પરિણામ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા ડિસેમ્બર-૨૦૧૮માં લેવાયેલ બી.એસ.સી.ના ત્રીજા સેમેસ્ટરનુ પરિણામ જાહેર થયુ. જેમાં ખેડબ્રહ્માની આરડેકતા સાયન્સ



કૉલેજે ૯૪.૨૩ ટકા જેટલુ ઉજ્જવળ પરિણામ મેળવેલ જેમાં કેમેસ્ટ્રીમાં પ્રથમ ક્રમે ચૌહાણ કૃપાબેન નરેન્દ્રકુમાર ઉત્તિર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# મેઘરજના ઝરડા ગામના યુવકનું જમ્મુ-કાશ્મીરમાં મા ભોમની રક્ષા કરતા હિમશીલા પડતા શહીદ

## રાષ્ટ્રીય સન્માન સાથે જવાનનો પાર્થિવ દેહ પંચ મહાભૂતમાં વિલીન, જીલ્લા કલેક્ટર, ડી.ડી.ઓ., પોલીસવડા, મોડાસા મામલતદાર, સાંસદ સભ્ય, ત્રણ ધારાસભ્યો સહીત રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત

મેઘરજ, તા. ૨

પુલવામામાં આતંકીઓએ કરેલા હુમલામાં દેશના ૪૪ જવાનો શહીદ થતા ગમગીની છવાઈ હતી. ભારતીય વાયુસેનાએ એર સ્ટ્રાઈક બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સીમા પર સુરક્ષા દળો તૈનાત કરી દેવામાં આવ્યા છે. અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઝરડા ગામના આર્મીમાં ફરજ બજાવતા ખુશાલસિંહ ઠાકોરનું જમ્મુ-કાશ્મીરમાં ફરજ દરમિયાન બરફ વર્ષા અને ભૂસ્ખલનના કારણે હિમશીલા પડતા તેની નીચે દટાતા તેમની સાથે ફરજ બજાવતા જવાનોએ ખુશાલસિંહ ઠાકોરને બરફના થર નીચેથી બહાર કાઢી આર્મીની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા સઘન સારવાર બાદ જીંદગી સામેનો જંગ હારી જતા મોત નિપજતા તેમના પરિવારજનો અને જીલ્લામાં ભારે ગમગીની છવાઈ હતી. શનિવારે શહીદ જવાનની અંતિમક્રિયામાં મોટી સંખ્યામાં વહીવટીતંત્રના અધિકારીઓ, સમાજના અગ્રણીઓ અને યુવકો ઉપસ્થિત રહ્યા હતા.



મેઘરજના ઝરડા ગામના ખુશાલસિંહ રણછોડભાઈ ઠાકોર દેશની સેવા માટે ભારતીય લશ્કરમાં જોડાયા હતા. ૧૫ વર્ષથી દેશના વિવિધ સ્થળોએ મા-ભોમની રક્ષા કરી ઋણ અદા કરી રહ્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં સરહદ પર કડકડતી માઈનસ ૧૦થી વધુ ડિગ્રીમાં ફરજ બજાવી રહ્યા હતા તે અરસામાં બરફવર્ષા થતા અને હિમશીલા પડતા ખુશાલસિંહ બરફના થર નીચે દટાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમની સાથે ફરજ બજાવતા સૈનિકોએ હિમશિલાની નીચેથી બહાર કાઢી તાબડતોડ આર્મી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ફરજ પરના તબીબોએ સઘન સારવાર આપવા છતાં દુશ્મનોને જંગમાં હરાવવા સજ્જ બનેલ ખુશાલસિંહ ઠાકોર જીંદગી સામેનો જંગ ત્રણ દિવસ બાદ હારી જતા શહીદ થયા હતા. આ ઘટનાની જાણ પરિવારજનોને કરતા તાબડતોડ પહોંચી શહીદ જવાનના નશ્વર દેહને લેવા પહોંચ્યા હતા અને આજે સવારે શહીદ જવાનની અંતિમયાત્રા નીકળશે. ફોજી જવાનના આકસ્મિક મોતથી સમગ્ર પંથક અને અરવલ્લી જીલ્લામાં ભારે ગમગીની છવાઈ હતી.

ભારતીય લશ્કરમાં ફરજ બજાવતા ખુશાલસિંહ ઠાકોરના આકસ્મિક મોતથી ૪ અને ૨ વર્ષીય સંતાનેપિતૃછાયા ગુમાવતા અનેતેમના પત્ની ભારતીબેનેઆધાર ગુમાવતા ભારે આઘાતમાં સરી પડ્યા હતા.

# મોડાસામાં ગૃહમંત્રીની મુલાકાતના થોડા સમય અગાઉ લૂંટની ઘટના

## મોડાસા બેંક ઓફ બરોડા નજીક નિવૃત ફોજી જવાનની બાઈકમાંથી એક લાખની ઝડપ

મોડાસા, તા. ૨

મોડાસામાં ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અરવલ્લી



જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના લોકાર્પણ કરે તેના થોડાક જ કલાક અગાઉ મોડાસામાં ચોર લૂંટારુ ગેંગે બેંક ઓફ બરોડામાંથી નિવૃત બીએસએફના જવાન અને ખુમાપુરના રહીશ દિલીપસિંહ બળદેવસિંહ જોદ્ધા રૂપિયા ૧ લાખ ઉપાડી બાઈકની ડેકીમાં મુકતા હતા ત્યારે લબરમૂછિયા યુવકે ફોજી જવાનને કાકા તમારા રૂપિયા પડી ગયાનું કહેતા ફોજી જવાન નીચે પડેલ નોટ લેવા જતા ગઠિયો ૧ લાખ રૂપિયા ભરેલ બેગ લઈ રફુચક્કર થતા ફોજી જવાન હાંફળો ફાંફળો બની ગયો હતો. ભર બજારમાં લૂંટની ઘટના બનતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી બેંકના સીસીટીવી અને નજીકમાં આવેલ એક દુકાનના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ હાથ ધરી હતી.

મોડાસાના ખુમાપુર ગામના નિવૃત્ત બીએસએફના જવાન દિલીપસિંહ બળદેવસિંહ જોદ્ધા ઘરમાં લગ્ન પ્રસંગ હોવાથી શનિવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે બેંક ઓફ બરોડા મોડાસામાંથી ૧ લાખ રૂપિયા ઉપાડી દંપતી બેંકની બહાર બાઈકની ડેકીમાં રૂપિયા મુકતા હતા. ત્યાં એક યુવકે બાઈક આજુબાજુ યુક્તિપૂર્વક રૂપિયાની નોટો નાખી દંપતીને તમારા રૂપિયા પડી ગયા છે કહેતા ફોજી જવાન રૂપિયા લેવા જતા બાઈકની ડેકીમાં થેલામાં મુકેલા ૧ લાખ રૂપિયાની ચીલઝડપ કરી યુવક ફરાર થઈ જતા બીએસએફ જવાનને આબાદ લૂંટનો ભોગ બન્યાની જાણ થતા બુમાબુમ કરતા આજુબાજુમાંથી દુકાનદારો દોડી આવ્યા હતા. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા રૂપિયા પડી ગયા હોવાનું કહેનાર ગઠિયો ફોજી જવાનની પત્નીએ ઓળખી બતાવ્યો હતો. પીળા કલરનું શર્ટ પહેરનાર ગેંગનો સભ્ય તેના સાથીઓ સાથે લૂંટની ઘટનાને અંજામ અપાતા પહેલા ઝાળ બિછાવવા અંગે ચર્ચા કરતો આબાદ સીસીટીવી કેમેરામાં કેદ થતા ચીલઝડપની ઘટનાના પગલે દોડી આવેલી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં ખાખીનો ખોફ સામે ચોર, લૂંટારુ, ઘરફોડિયા ગેંગ બેખોફ બની હોય તેમ ખાખીને ચેલેન્જ આપી લૂંટની ઘટનાઓને અંજામ આપતા પ્રજાજનો અસલામતી અનુભવી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર ગૃહમંત્રી પ્રદીપસિંહની સરભરા અને આવકારવા સજ્જ બન્યું હતું. બીજીબાજુ ગૃહમંત્રીની મુલાકાત ટાણે ચોર લૂંટારુ ગેંગે પોલીસનું નાક વઢ્યું હોય તેવી ઘટનાને અંજામ આપતા ચકચાર મચી હતી.




અરવલ્લી જિલ્લાની વિદ્યાનગરી એવા મોડાસા નગરની શતાબ્દી વર્ષ ઉજવતી કે. એન. શાહ, મોડાસા હાઈસ્કુલમાં ત્રણ શિક્ષકો અને ઓએસ નિવૃત્તિના કારણે નિવૃત થતા વિદાય સમારોહ ભારે હૃદયદ્રાવક દ્રશ્યો વચ્ચે યોજાઈ ગયો. નિવૃત થતાં કે.આર. ખાટ, સુપરવાઈઝર જી. બી. પટેલ, સુપરવાઈઝર જે.કે. પટેલ ઓએસ તેમજ શ્રીમતી ડી. એસ. શાહ શિક્ષિકાનો વિદાય સમારોહ મંડળના પ્રમુખ બીપીનભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે ગાયત્રીબેન પટેલ, ડી.ઈ.ઓ. મહેન્દ્ર પટેલ, પ્રમુખ વહીવટી કર્મચારી સંઘ અરવલ્લી તેમજ મોડાસા કેળવણી મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

# સાબરકાંઠામાં ફરીથી વાતાવરણ પલ્ટાતા માવઠાની ભીતી

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી ફરીથી વાતાવરણમાં આવેલા પલ્ટાને લઈને આકાશ વાદળોથી ગોરંભાયેલા વાદળને કારણે શનિવારે ઠંડીની પ્રમાણમાં વધારો થયો છે. દરમ્યાન હિંમતનગર સહીતના અન્ય સ્થળે પણ આવો માહોલ સર્જાયો હતો. જેને લઈને ખેડૂતો ફરીથી મુંજવણ અનુભવી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી વાતાવરણમાં આવેલા પલ્ટાને લઈને મુખ્યત્વે ઘઉંનો પાક ખતરામાં આવી ગયો છે. ચાર દિવસ અગાઉ સાબરકાંઠાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકામાં આવેલા વાવાઝોડાને કારણે ઘઉંનો સોથ વળી ગયો હતો. જેના કારણે ખેડૂતો પણ ઘઉંને છેલ્લુ પીયત આપવામાં મુઝવણ અનુભવી રહ્યા છે. ખેડૂતોનું માનવું છે કે જો છેલ્લુ પીયત આપવામાં આવે અને ત્યારબાદ માવઠુ થાય તો ખેતરમાં રહ્યા સહ્યા ઘઉંના છોડ પડી જવાની શક્યતા છે. જેને લઈને ઘઉંના દાણા પર કાળા ટપકા થઈ જતા હોવાથી તેનો ભાવ પણ ઓછો મળે છે. એટલું જ નહી પણ આ ઘઉં વર્ષ દરમ્યાન ખાવા માટે જો રાખવામાં આવે તો તે સડી જાય છે.

દરમ્યાન શનિવારે ફરીથી વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે સવારથી જ જોરદાર પવન ફુંકાવાનું શરૂ થયું હતું. તથા આકાશ વાદળોથી ઘેરાયેલુ રહેતા ફરીથી ઠંડી અનુભવાઈ રહી છે. એટલું જ નહી પણ અત્યારે પાનખરને કારણે ઝાડ પરથી સતત જમીન પર પડી રહેલા સુકા પાંદડાને લીધે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો ખુબજ પરેશાન છે. જોકે આ વર્ષે સાબરકાંઠામાં અંદાજે ૧૫ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં વાવેતર કરાયેલ ઘઉંનો પાક એકંદરે ખુબજ સારો છે.

# સાબરડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ૧૧મી માર્ચે ચૂંટણી

હિંમતનગર, તા. ૨

સાબરડેરીના નિયામક મંડળની તાજેતરમાં થયેલી ચૂંટણી બાદ શુક્રવારે મોડી સાંજે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ હતુ જે મુજબ આગામી તા. ૧૧ માર્ચના રોજ સાબરડેરીના નિયામક મંડળના હોલમાં ચૂંટણી અધિકારી એટલે કે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ચૂંટણી યોજાશે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તાજેતરમાં સાબરડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકો પૈકી ૪ બેઠકો પૈકીની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સાબરડેરીના પૂર્વ ચેરમેન જેઠાભાઈ પટેલ પ્રેરીત વિકાસ પેનલના ચારેય સભ્યો બહુમતીથી ચૂંટાયા બાદ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચેરમેન તરીકે જેઠાભાઈ પટેલ ત્રીજી વખત ચેરમેન તરીકે ચૂંટાય તેવા સંજોગ ઉભા થયા છે. જેને લઈને જિલ્લાના સહકારી રાજકારણમાં કોઈપણ વાદવિવાદ વગર જેઠાભાઈ પટેલનું નામ મોખરે રહ્યું છે.

દરમિયાન શુક્રવારે સાંજે ચૂંટણી અધિકારી તરીકે અગાઉ ફરજ બજાવી ચુકેલા પ્રાંત અધિકારીએ અપેક્ષા મજુબ શુક્રવારે મોડી સાંજે સાબરડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવા માટે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ હતુ જેને લઈને જિલ્લાના સહકારી રાજકારણમાં ખુબજ ટુંકા સમયમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે જાહેર થયેલા જાહેરનામા અંગે અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી.

દરમિયાન આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી ચૌધરી કે જેઓ હિંમતનગર તાલુકાના પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવે છે તેમણે આગામી તા. ૧૧ માર્ચના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સાબરડેરીના નિયામક મંડળના હોલમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરતા તે અંગે સાબરડેરીના સત્તાવાળાઓને સત્તાવાર જાણ કરવા માટે શુક્રવારે મોડી સાંજે સરકારી કર્મચારીને મોકલીને લેખિત જાણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે છેલ્લા દસ વર્ષથી સાબરડેરીના ચેરમેન તરીકે કોઈપણ વાદવિવાદ વગર ચૂંટાયેલા પૂર્વ ચેરમેન જેઠાભાઈ પટેલ ફરીથી ત્રીજી વખત ચૂંટાઈ આવે તેવી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો ઈચ્છી રહ્યા હોવાથી તેઓ ફરીથી ચેરમેન તરીકે બિનહરીફ વરાય તેવી શક્યતાને નકારી શકાતી નથી.




**ધનસુરા શ્રી જે.એસ. મહેતા હાઈસ્કૂલ ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં વર્ગ સુશોભન કાર્યક્રમ યોજાયો**

ધનસુરાની જે. એસ. મહેતા હાઈસ્કૂલના ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં વર્ગ સુશોભનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ શહીદોને શ્રદ્ધાંજલિ, સેવ બર્ડ, વધુ વૃક્ષો વાવો તેમજ મોબાઈલના રેડિયેશનથી થતી માનસિક અસર જેવી પ્રવૃતિઓ કરી હતી અને આ વિષે ધ્યાન દોર્યું હતું અને વિવિધ પ્રકારના ચિત્રો અને એના મોડલ બનાવ્યા હતા અને આના થકી સંદેશો આપવાનું કાર્ય કર્યું હતું. આ સુંદર કાર્યક્રમ બદલ મંડળના પ્રમુખ, હોદ્દેદારો તેમજ શાળાના આચાર્ય અને શિક્ષકોએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરમાં બ્યુટી પાર્લરમાંથી ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨

હિંમતનગરના મુખ્ય બસસ્ટેન્ડ નજીક આવેલ એક બ્યુટી પાર્લરમાંથી ગત તા. ૨૮ ફેબ્રુઆરીએ રૂ. ૧૨ હજારથી વધુની મત્તાની ચોરી કરી ફરીયાદ હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે બસસ્ટેન્ડ સામેના વિસ્તારમાં બ્યુટી પાર્લર ધરાવતા જયકુમાર અનિલભાઈ પ્રજાપતિએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૮ ફેબ્રુઆરીની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમની દુકાનમાં પ્રવેશ કરી તેમાંથી ટેબલેટ, બે કોમ્પ્યુટરના સ્પીકર, એક ડીવીડી પ્લેયર, રૂ. ૧૫૦૦ના ત્રણ ચાંદીના સિક્કા, રૂ. ૩ હજારના બગસરાના સેટ મળી અજાણ્યા શખ્સો રૂ. ૧૨,૩૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા.